ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૬૧ ટકા

# બજારોમાં રંગબેરંગી છત્રી-રેઈનકોટનું આગમન

## મેડ ઈન ઈન્ડિયાની છત્રી, રેઈનકોટનું માર્કેટ વધ્યું : ચાઈનાની પ્રોડકટ કરતા મેડ ઈન ઈન્ડિયા છત્રી અને રેઈનકોટના ભાવ ઓછા છે : ગયા વર્ષો કરતાં ૨૦-૨૫ ટકા ભાવ વધારો

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં વરસાદી માહોલ શરૂ થવાથી બજારમાં છત્રી અને રેઈનકોટનું વેચાણ શરૂ થયું છે. વરસાદની મોસમમાં શહેરીજનો પલળવાથી બચવા માટે છત્રી અને રેઈનકોટનો ઉપયોગ કરે છે. જેમાં હાલમાં બજારમાં રંગબેરંગી છત્રી અને રેઈનકોટનું આગમન થઈ ચુકયું છે. આ વર્ષે આ ચીજવસ્તુના ભાવમાં ૨૦-૨૫ ટકા જેટલો વધારો થયો છે. ૧૨૦ રૂપિયાની છત્રીના ભાવ ૧૫૦ થી ૧૬૦ રૂપિયા ભાવ થયો છે. પેટ્રોલ-ડિઝલના વધતા જતા ભાવથી વરસાદી છત્રી અને રેઈનકોટના ભાવમાં પણ વધારો થયો છે.

રંગબેરંગી છત્રીઓથી બજાર રંગીન બની ગયું છે. પરંતુ હજી વરસાદ બરાબર જામ્યો ન હોવાથી ખરીદી નહીવત જણાઈ રહી છે. નાના બાળકો માટે બેનટેન, છોટા ભીમ, બાર્બી, સ્પાઈડરમેન જેવી ફેન્સી છત્રીઓ આવી છે. મેડ ઈન ચાઈનાની વસ્તુઓ બંધ થઈ જતા મેડ ઈન ઈન્ડિયાની ચીજવસ્તુઓનું વેચાણ વધ્યું છે. જેમાં દિલ્હી અને કલકત્તા, મુંબઈમાં છત્રીઓનું પ્રોડકશન થઈ રહ્યું છે.

ચાઈનાની છત્રીઓ મળતી હતી તેના કરતા પણ ઓછા અને સસ્તા ભાવમાં આ ચીજવસ્તુઓ મળી રહી છે. ચાઈનાની છત્રીઓ બજારોમાં આવતી બંધ થઈ ચુકી છે અને ઈન્ડિયાની પ્રોડકટસનું વેપારીઓ દ્વારા વેચાણ કરવામાં આવી રહ્યું છે. મેન્યુફેકચરીંગમાં ભાવવધારો થવાના કારણે તેમાં ભાવવધારો કરવામાં આવ્યો છે.



છત્રીઓ અને રેઈનકોટમાં પણ હવે તો સ્ટાઈલિશ લુક માટે શહેરીજનો વિવિધ પ્રકારની સ્ટાઈલિશ છત્રી અને રેઈનકોટની ખરીદી કરે છે જેને ધ્યાનમાં લઈને વેપારીઓએ પણ બજારમાં સ્ટાઈલિશ લૂકવાળી છત્રીઓ અને રેઈનકોટ ખરીદી માટે મુકયા છે. છત્રીને લઈ જવામાં યુવાનો સંકોચ અનુભવતા હતા જે છેલ્લા થોડા વર્ષોમાં છત્રી અને રેઈનકોટની સ્ટાઈલમાં એટલા ફેરફાર થયા છે કે તે હવે એક મહ્ત્વની એસેસરી બની ગઈ છે. આથી રંગબેરંગી અને સ્ટાઈલીશ છત્રીઓ દેખાવને ફેશનેબલ બનાવે છે. આજે બજારમાં જાતજાતની છત્રીઓ મળે છે. નાના બાળકના મનને છત્રી મળ્યાનો અહેસાસ કરાવતી નાનકડી અને સુંદર મજાની છત્રીથી લઈને મોટાઓ માટેની સ્ટાઈલીશ, રંગીન છત્રીઓ મન મોહે છે. લાકડાના હેન્ડલવાળીથી લઈને કોમ્પેકટ સુધીની જાતજાતની છત્રી બજારમાં મળે છે. ઓફિસ જતા લોકો કોમ્પેકટ છત્રીને પંસદ કરે છે. આવી છત્રી બેગમાં સહેલાઈથી આવી જતી હોવાથી તેને કયાંય ભૂલી જવાતી નથી. આ જ પ્રમાણે છેલ્લા થોડા વર્ષોથી પારદર્શક છત્રીનો ટ્રેન્ડ પણ જોર પકડી રહ્યો છે. ભીડમાં પારદર્શક છત્રી ધરાવનારા હંમેશા આકર્ષણનું કેન્દ્ર બને છે. આ ઉપરાંત લેસ, ઝૂલ અને રિબન લગાડેલી છત્રી પણ સુંદર દેખાય છે. મહિલાઓ આવી છત્રીને વધુ પસંદ કરે છે. વરસાદ નિયમિત બનશે તેવામાં રંગબેરંગી છત્રીની અને રેઈનકોટની ડિમાન્ડ પણ વધશે.

## જન્મદિને વધામણી



**ડો. હિમાંશુ પટેલ**
મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
પૂર્વ ચેરમેન, ગાંધીનગર નાગરિક સહકારી બેન્ક
મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧



**પિનાકીન વ્યાસ**
સંગીતજ્ઞ, કલાગુરુ
મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪



**ડો. હર્ષદ બ્રહ્મભટ્ટ**



**ધ્રુવ પટેલ**
મો. ૮૧૫૪૯ ૧૩૦૩૫

# ડિવાઈન વિઝન ગ્રુપ દ્વારા, વડીલોને નિઃશુલ્ક દ્વારકા-સોમનાથની ધાર્મિક યાત્રા




ગાંધીનગર, તા.૨૭

ડિવાઈન વિઝન ગ્રુપ દ્વારા તાજેતરમાં પચાસ જેટલા વડિલ ભક્તોને વિનામુલ્યે દ્વારકા-સોમનાથની યાત્રા કરાવવામાં આવી હતી. ગાંધીનગર ગ્રૂપના સંયોજક જયદીપભાઈ બી.જોષીના સંપુર્ણ સહયોગથી યોજાયેલ આ ધાર્મિક યાત્રામાં ગાંધીનગર, અમદાવાદ, ઉમરેઠ, આણંદ, ભરૂચના વડિલ ભક્તોના કુટુંબીજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. લક્ઝરીના એસી કોચની મુસાફરી, વેરાયટી સ્વીટ સાથેના ફુલ લંચ/ડીનર, અને ફેમિલી સ્પેશિયલ રૂમની ફેસીલીટી સહિતની આ યાત્રા દરમિયાન યાત્રિકોએ દ્વારકા, ગોમતી નદી, દ્વારકા માટે ખાસ બનાવેલ ધજાની પ્રભાત ફેરીનો, નાગેશ્વર મહાદેવ, સોમનાથ મહાદેવ, જુના સોમનાથ મંદિર, ઘેલાસોમનાથ, ખોડલધામ અને ધારેશ્વર મહાદેવ જેવા પવિત્ર સ્થળોની મુલાકાત, પૂજા વિધિ, દર્શન વિગેરેનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. હર-કુસુમ મંડળના માઈભકતોએ પોતાના સુરીલા અવાજ સાથે બસમાં ભજન-ગીતોની રમઝટ જમાવી હતી અને મહાદેવ પરિસરમાં કરેલ ભજન અને મંત્રોમાં જાહેર જનતાએ પણ ઉત્સાહપુર્વક ભાગ લીધો ત્યારે તમામ વડીલોને ખુબ જ ભાવવિભોર બન્યા હતા. આ સમ્રગ યાત્રા દરમ્યાન ગ્રૂપ કોર્ડીનેટર્સ જયેશ ભાવસાર, હિતેન્દ્ર દવે, પારુલબેન પારેખ વિગેરેએ સેવા આપી ખુબ જ જહેમત ઉઠાવી હતી.

# પહેલાં વરસાદમાં જ સેક્ટર-૩૦ કીચડનગર બન્યું

## ઠેર ઠેર ગંદકી અને કાદવ : તાજેતરમાં કરાયેલાં ખોદકામને કારણે પરિસ્થિતિ વણસી



ગાંધીનગર, તા.૨૭

ગઈ કાલે સાંજે શહેરમાં વરસાદી માહોલ સર્જાયો હતો અને શહેરના કેટલાંક ભાગોમાં વરસાદના છુટા છવાયાં હળવાં ઝાપટાં પડ્યાં હતા. જોકે સીઝનના આ પહેલાં વરસાદમાં જ ગાંધીનગરનું સેક્ટર-૩૦ કીચડનગર બની જવા પામ્યું હતું. વરસાદને પગલે સેક્ટર-૩૦માં ઠેર ઠેર ગંદકી અને કાદવ જોવા મળ્યો હતો જેના કારણે વાહન ચાલકો માટે ખાસ કરીને દ્વિચક્રી વાહન ચલાવવું મુસીબત ભરી બાબત બની જવા પામી હતી.

સેકટરમાં વિવિધ કાર્યોને અનુલક્ષીને તાજેતરમાં કરાયેલાં ખોદકામને પગલે સામાન્ય વરસાદમાં પણ સે-૩૦માં કાદવકિચડનો માહોલ સર્જાયો છે. વરસાદને કારણે સેક્ટરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતાં અને કાદવના કારણે દ્વિચક્રી વાહનચાલકોને તેમનું વાહન સ્લીપ થઈ જવાનો સતત ડર રહે છે. સેક્ટર-૩૦નો હાલ કોઈ પણ રસ્તો એવો નથી કે જ્યાં કાદવના ભોરિંગ ન હોય. રાહદારીઓ માટે સલામત રીતે ચાલવા પણ રસ્તો રહ્યો નથી. સડક પર ચાલનારા રાહદારીઓના કપડાં પર પણ કાદવ ચોંટે છે. વરસાદ દરમ્યાન જે નાગરિકો ઘરમાં જતા તેઓ ઘરની બહાર નીકળી શકતાં નહોતા અને જે સેક્ટરની બહાર હતા તેઓ સેક્ટરમાં પ્રવેશી શકતાં નહોતા તેવી સ્થિતિ સર્જાઈ હતી. હવામાન ખાતાએ પહેલેથી જ વરસાદની આગાહી કરી દીધી હતી તો પછી વહીવટીતંત્રએ વરસાદના પાંચ દિવસ પહેલા આટલાં મોટા સ્તર પર સેક્ટરમાં ખોદકામ કેવી રીતે કરાવ્યું તેવા સવાલો અનેક નાગરિકોના મનમાં ઉઠવા પામી રહ્યાં છે.

# વહાણવટીકૃપા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગરીબ બાળકોને નાસ્તા વિતરણ



ગાંધીનગર, તા.૨૭

વહાણવટીકૃપા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં ગરીબ બાળકોને શિક્ષણ મળી રહે તે માટે દર શનિવારે આયોજન કરવામાં આવે છે. નિરાધાર તેમજ જે બાળકોના માતા – પિતા તેમના બાળકોને શિક્ષણ આપવા માટે સક્ષમ નથી તેવા બાળકોને શોધીને તેમને શિક્ષિત બનવા માટે સમજાવવામાં આવે છે તથા તેમની સાથે બેસીને જ નાસ્તો કરવામાં આવે છે.

દર શનિવારે સંસ્થાના ટ્રસ્ટી વિપુલભાઈ સોલંકી દ્વારા ગરીબ બાળકોને નાસ્તો અને ભોજન કરાવવામાં આવે છે. સંસ્થાની આ પ્રવૃત્તિ સાથે વધુ ને વધુ લોકો જોડાય તે માટે સંસ્થા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# શુકન સ્કાય ખાતે વાડોકાઈ કરાટેના વિદ્યાર્થીઓ માટે પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરનાં કુડાસણ સ્થિત શુકન સ્કાય સોસાયટી ખાતે વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા નિઃશુલ્ક કરાટે પ્રશિક્ષણ વર્ગોનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ વર્ગમાં અભ્યાસરત વિદ્યાર્થીઓમાંથી ૩૬ વિદ્યાર્થીઓએ વાડોકાઈ કરાટેમાં વિવિધ બેલ્ટની પદવી મેળવી હતી. પ્રણવ વ્યાસ, પલ રાવલ અને શાયોના ચેટરજીએ બ્રાઉન-૩ બેલ્ટની પરીક્ષા ઉત્તિર્ણ કરી હતી. આ ઉપરાંત ચાર વિદ્યાર્થીઓએ પરપલ બેલ્ટ, એક વિદ્યાર્થીએ બ્લ્યુ બેલ્ટ, પાંચ વિદ્યાર્થીઓએ ગ્રીન બેલ્ટ, છ વિદ્યાર્થીઓએ ઓરેન્જ બેલ્ટ, આઠ વિદ્યાર્થીઓએ યલો બેલ્ટ અને નવ વિદ્યાર્થીઓએ વ્હાઈટ-૧ બેલ્ટની પદવી મેળવી હતી. આ તમામ વિદ્યાર્થીઓને કરાટે ફેડરેશનનાં ચીફ ટેક્નિકલ ડાયરેક્ટર અને જાણીતા કરાટે તેમના વાલીઓ સમક્ષ કરાટેની વિવિધ ટેક્નિક્સનું નિદર્શન પણ કર્યું હતું. આ પ્રસંગે શિહન




નિષ્ણાત શિહાન અરવિંદભાઈ રાણાનાં વરદ હસ્તે પદવી એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ અરવિંદભાઈ રાણા દ્વારા વિદ્યાર્થીઓને કરાટેને જીવનનાં અંગ તરીકે સ્વીકારી તેનો નિયમિત અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી. સોસાયટીનાં પૂર્વ પ્રમુખ સુહાગભાઈ સોની દ્વારા આગામી દિવસોમાં શરુ થનાર લાયબ્રેરીમાં સભ્ય બની શાળાકીય અભ્યાસ ઉપરાંત અન્ય વિષયોનું નિયમિત વાંચન કરવાની ટેવ પાડવા અનુરોધ કર્યો હતો.

# આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં પ્રવેશોત્સવ યોજાયો



આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં વર્ષ ૨૦૨૨ નો પ્રવેશોત્સવ શનિવારે ઊજવવામાં આવ્યો હતો. ધોરણ-૧ ના બાળકોનો પ્રવેશોત્સવ શિક્ષકો દ્વારા બાળકોને કુમકુમ તિલક કરી વર્ગમાં અભ્યાસ કરતાં બાળકોને વાલીઓ અને શાળાના આચાર્ય સાથે વર્ગમાં પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. બાળકોના શૈક્ષણિક જીવનના પ્રથમ સોપાન સમાન પ્રવેશોત્સવમાં બાળકોએ હસતા હસતા આનંદ સાથે વર્ગમાં પ્રવેશ કર્યો હતો. ગીત પ્રાર્થના બાળગીતો તેમજ મ્યુઝિક ઉપર બાળકોએ નૃત્ય મસ્તીનો આનંદ લીધો હતો. દરેક વિદ્યાર્થીએ શરબત અને આઈસક્રીમનો અનેરો આનંદ પણ લીધો હતો.

# સરસ્વતી વિદ્યાલય ખાતે બાળકોનો પ્રવેશોત્સવ



ગાંધીનગર, તા.૨૭

સેકટર-૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં પ્લે ગ્રુપ, જુ.કેજી. સીની. કેજી.ના બાળકોનો પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો હતો. જેમાં સરસ્વતી માં નું પૂજન કરી બાળકોને તિલક ચાંદલો કરી પ્રવેશ કરાવાયો હતો. કલાસને સુશોભન કરી ઉજવણી કરાવવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા, શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમાર, બાલમંદિર વિભાગના શિક્ષક પ્રિતીબેન હિનાબેન શાહ, ભાવનાબેન વાઘેલા વિદ્યાર્થીઓ સાથે પ્રવેશોત્સવમાં સહભાગી થયા હતા.

# આજે ભીમાવસ્યાનો શુભ સંયોગ

## જેઠ અમાસના યોગમાં વ્રત-પૂજા કરવાથી મંગળ ગ્રહ અને પિતૃદોષ દૂર થાય છે

ગાંધીનગર, તા.૨૭


મંગળવાર અને બુધવારના રોજ જે મહિનાની અમાસ રહેશે. આ વર્ષે જેઠ મહિનાની અમાસ બે દિવસ રહેશે. આ દિવસે તીર્થ દર્શન અને નદીઓમાં સ્નાન કરવાની પરંપરા છે. સાથે દેવી-દેવતાઓની પૂજા કરવામાં આવે છે. બપોરે પિતૃઓ માટે ધૂપ ધ્યાન કરવામાં આવે છે. અમાસને ધર્મ ગ્રંથોમાં પર્વ કહેવામાં આવે છે. જયોતિષની દષ્ટિએ આ દિવસે સૂર્ય અને ચંદ્ર એક જ રાશિમાં આવી જાય છે. આ બંને ગ્રહોની વચ્ચેનું અંતર ૦ ડિગ્રી થઈ જાય છે. આ તિથિ પિતૃઓની પૂજા માટે ખાસ માનવામાં આવે છે. એટલે આ દિવસે પિતૃઓની ખાસ પૂજા કરવાથી સુખ અને સમૃદ્ધિ વધે છે. મંગળવારે અમાસ તિથિ સૂર્યોદય પહેલાં જ શરૂ થઈ જશે અને આખી રાત રહેશે. એટલે આ દિવસે વ્રત અને પીપળાના ઝાડની પૂજા સાથે જ પિતૃઓ માટે શ્રાદ્ધ કરવામાં આવશે. સાથે જ આ દિવસે અમાસ તિથિમાં થતી દરેક પ્રકારની પૂજા કરી શકાશે. સૂર્યોદયથી સવારે લગભગ ૧૧.૧૬ કલાક સુધીના સમયગાળામાં અમાસ તિથિ દરમિયાન સ્નાન અને દાનનું ખાસ મહત્વ છે.

**રાશિ પ્રમાણે દાન કરવાનું મહત્વ**

મેષ : લાલ કપડાં, ઘઉં, તલનું દાન કરવું શુભ રહેશે.

વૃષભ : સુતરના કપડાનું દાન, જળ, દૂધ અને સફેદ તલનું દાન કરવું.

મિથુન : ગાયને લીલું ઘાસ ખવડાવો, શ્રધ્ધા પ્રમાણે ગણેશ મંદિરમાં દાન કરો.



કર્ક : ગંગાજળ, દૂધથી બનેલી મીઠાઈઓ અને સફેદ કપડાંનું દાન કરો.

સિંહ : લાલ કપડાં ધાબળાં અને ચાદરનું દાન કરો.

કન્યા : લીલા મગ, અનાજ, કાંસના વાસણ કે લીલા કપડાંનું દાન કરો

તુલા : કોઈ મંદિરમાં ફળ, રૂ અથવા ઘીનું દાન કરો.


વૃશ્ચિક : લાલ વસ્ત્ર, સોનું, તાંબુ, કેસર, કસ્તુરીનું દાન કરવું.

ધન : મંદિરમાં હળદર, ચણાની દાળનું દાન કરો.

મકર : ધાબળો અને કાળા તલનું દાન કરો.

કુંભ : તેલ, તલ, વાદળી-કાળા કપડાં, ઉનના કપડાં અને લોખંડનું દાન કરો.

મીન : પીળી વસ્તુઓ, ધર્મગ્રંથ, મધ, દૂદ આપતી ગાય, પીળું ચંદન,પીળા કપડાંનું દાન



સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૮ ગાંધીનગર ખાતે શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી કરી હતી. પ્રવેશોત્સવ બાદ શાળાના પટાંગણમાં મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામા આવ્યું હતું. ઉદગમના પર્યાવરણ પ્રેમી મનોજભાઈ જોષી એ બાળકોને સાથે રાખી વૃક્ષારોપણ કર્યું હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. રબારી લીલુબેન પ્રભાતભાઈ**, ઉ.વ. ૯૦, સે-૨૮, આદિવાડા
- **સ્વ. પ્રજાપતિ કરશનભાઈ નાથાભાઈ**, ઉ.વ. ૮૫, લાકરોડા, માણસા